એક દુકાનદારે ઉગ્ર બોલાચાલી કરતા પોલીસ બોલાવવી પડીઃ કાયમી ઉકેલ માટે કમિશનરની કવાયત

બર્ધનચોકમાં ઓપરેશન 'સાફસૂફી': એસ્ટેટ શાખા દ્વારા ૧૪ રેંકડી, ૪ કાઉન્ટરો જપ્ત

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

જામનગરમાં ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે તંત્ર કવાયત કરી રહ્યું છે. મંગળવારે બર્ધનચોક વિસ્તારમાંથી રેંકડી, પથારાવાળાઓને દૂર ખસેડ્યા પછી ફરી ગઈકાલે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાએ બર્ધનચોક વિસ્તારમાંથી ધંધાર્થીઓને દૂર ખસેડી સમગ્ર વિસ્તાર ખાલી કરાવ્યો હતો. આ સમયે ૧૪ રેંકડી અને ચાર કાઉન્ટરો જપ્ત કરાયા હતાં. એક દુકાનદારે મહાનગરપાલિકાના અધિકારી સાથે ઉગ્ર બોલાચાલી પણ કરી હતી. આખરે પોલીસે મામલો થાળે પાડ્યો હતો.

જામનગરના બર્ધનચોક, માંડવી ટાવર પાસે જાહેર રોડ પર ધંધો કરતા ફેરીયા, રેંકડી, પથારાવાળાઓના કારણે કાયમી ટ્રાફિક સમસ્યા જોવા મળી રહી છે. મહાનગરપાલિકા અને પોલીસ વિભાગે અનેક વખત અહીંથી જગ્યા ખાલી કરાવી છે. પરંતુ બીજા જ દિવસથી ફરી દબાણો થતા રહે છે. આથી આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે પરમ દિવસે મ્યુનિ. કમિશનર ડીએન મોદી અને એસ.પી. પ્રેમસુખ ડેલુએ રૂબરૂ મુલાકાત કરી હતી અને સમસ્યાના કાયમી ઉકેલ માટે કવાયત શરૂ કરી હતી.

દરમિયાન ગઈકાલે કમિશનરની સૂચનાથી એસ્ટેટ શાખા દ્વારા બર્ધનચોક વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સમગ્ર વિસ્તારમાંથી ફેરીયા, ધંધાર્થીઓને દૂર ખસેડી રસ્તો ખૂલ્લો કરાવાયો હતો. આ કામગીરી દરમિયાન ૧૪ રેંકડી અને ચાર કાઉન્ટરો જપ્ત કરવામાં આવ્યા હતાં. આ દબાણ હટાવ કામગીરી દરમિયાન એક દુકાનદારે ભારે હોબાળો અને દેકારો મચાવી મહાનગરપાલિકાના અધિકારી સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આખરે પોલીસે મામલો થાળે પાડ્યો હતો. આ કામગીરી એસ્ટેટ શાખાના અધિકારી એન.આર. દિક્ષિત, સુનિલ ભાનુશાળી, યુવરાજસિંહ ઝાલાની દેખરેખ હેઠળ અને સુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કરવામાં આવી હતી.

સરકારી ગૌચર જમીનમાં દબાણ અને વકફ હેઠળ કબ્રસ્તાન બતાવી મદરેસાનું બાંધકામ?

બેટદ્વારકામાં ડિમોલીશન સામે સ્ટે સંદર્ભે ગુજરાત હાઈકોર્ટમાં સરકારી વકીલની દલીલોઃ ચોથી ફેબ્રુઆરીના વધુ સુનાવણી

ખંભાળિયા તા. ૨૩: બેટ દ્વારકામાં ડિમોલીશનમાં વકફ બોર્ડે તેમની ગણાવેલી જમીન અંગે ગુજરાત હાઈકોર્ટમાં સરકાર પક્ષે સરકારી વકીલે દલીલો રજૂ કરી હતી. આ અંગે વધુ સુનાવણી તા. ૪ ફેબ્રુઆરીના થશે.

બેટ દ્વારકામાં ચાલતા ડિમોલીશન વખતે બેટના ચોકકસ વિસ્તારમાં આવેલી કબ્રસ્તાનની જમીન અંગે વકફ બોર્ડ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાંથી તોડી પાડવા સામે સ્ટેટસ ક્વો લેવામાં આવેલ જેના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયાધીશ સમક્ષ ગુજરાત સરકારના વતી એડવોકેટ જી.એચ. વિર્ક દ્વારા ખૂબ જ ચોંકાવનારી દલીલો સામે આધારો રજૂ કરાયા હતાં.

દ્વારકા પ્રાંત અધિકારી અમોલ આવરેએ જણાવેલ કે જે જગ્યા પર વકફ બોર્ડ દ્વારા દાવો કરાયો છે તે જગ્યા વકફ બોર્ડની છે જ નહીં ટ્રસ્ટના પી.ટી.આર.માં આવી જગ્યાનો કોઈ ઉલ્લેખ જ નથી. બીજું કે જગ્યાનો હેતુ કબ્રસ્તાન માટેનો છે ત્યાં મુસ્લિમો મૃત્યુ પામે ત્યારે કબર બનાવી શકાય પણ ત્યાં મદરેસા-પાકી કંપાઉન્ડ વોલ તથા અન્ય બાંધકામો થયા છે જે ગેરકાયદેસર છે.

વકફ બોર્ડ જેના પર પોતાની જગ્યા હોવાનો દાવો કરે છે તે જગ્યા અઢી ત્રણ હજાર મીટરની છે જેના પર જુદા-જુદા સ્થળે ગૌચર તથા સરકારી ખરાબાની જમીનોમાં સાત બાંધકામો થયેલા છે જેમાં એકપણ બાંધકામ માટે સ્થાનિક પાલિકા તંત્રની કોઈ મંજૂરી લેવામાં આવી નથી. આ જગ્યાઓમાં હથિયારો તથા ડ્રગ્સ છુપાવવા ઉપયોગ થતો હોય તેમ અનેક કેસો પણ થયેલા છે તથા આ જગ્યા સાથે સંકળાયેલા વ્યકિતઓ પર હથિયારોના કેસો પણ થયેલા છે. ચૌદ જેટલી પોલીસ ફરિયાદો પણ ભૂતકાળમાં થયેલી હતી.

વકફના નામથી આ જગ્યા પર બાંધકામ કરીને જે સ્થળો બનાવાયા છે ત્યાં ભૂતકાળમાં ઈરાન તથા પાકિસ્તાન દેશોના લોકો આવી ગયા છે. તથા આ વિસ્તારના ૩૮ માછીમારો પાકિસ્તાનની જેલમાં છે ત્યારે આ જગ્યા પર ગેરકાયદે બાંધકામ દેશની સુરક્ષા તેના સલામતી માટે ભયજનક નઈ શકે છે.

વકફ બોર્ડ દ્વારા બેટ દ્વારકામાં તેમની કહેવાની જગ્યાઓ પર ડિમોલીશનના કરવા સંદર્ભમાં સ્ટે લેવાયેલો જેની સુનાવણીમાં ગુજરાત સરકાર તરફથી તેમના વકીલ દ્વારા આધાર પુરાવા સાથે વિસ્તૃત દલીલો કરવામાં આવી હતી. જે પછી ૪-૨-૨૫ના ફરી સુનાવણી હાથ ધરવામાં આવનાર છે.

સંવેદનશીલ વિસ્તારમાં દબાણો કેમ ચાલે?: પ્રાંત અધિકારી

પ્રાંત અધિકારી દ્વારકાના અમોલ આવરેએ જણાવેલ કે બેટ દ્વારકા અત્યંત સંવેદનશીલ વિસ્તાર ભારતીય સુરક્ષાની દૃષ્ટિએ છે ત્યાંથી પાકિસ્તાન ૮૦ નોટીકલ માઈલ જ દૂર હોય નિર્જન ટાપુઓ તથા બેટ દ્વારકા જેવા સ્થળે સરકારી ગૌચરની જમીનો પર આવી રીતે વ્યાપક દબાણો એ રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર હોય સંવેદનશીલ વિસ્તારોમાં સરકારી ખરાબા કે ગૌચરમાં જમીન દબાણો ચાલે જ નહીં તેમ જણાવીને જમીન દબાણો હટાવવા અંગે જણાવ્યું હતું.

સાત વર્ષ જુના કેસમાં સજા પડી

ચેક બાઉન્સ થતા બોલીવુડ ફિલ્મ ડિરેકટર રામગોપાલ વર્માને ત્રણ મહિનાની જેલ

મુંબઈ તા. ૨૩: ચેક બાઉન્સ થતા બોલીવુડ ફિલ્મ ડિરેકટર રામગોપાલ વર્માને ત્રણ મહિનાની જેલ સજા થઈ છે. તે ઉપરાંત રૂ. ૩.૭૨ લાખનુ વળતર ચૂકવવાનો પણ આદેશ થયો છે.

મુંબઈની અંધેરી મેજિસ્ટ્રેટ કોર્ટે ચેક બાઉન્સ કેસમાં બોલીવુડ ફિલ્મ ડિરેક્ટર રામ ગોપાલ વર્માને ત્રણ મહિનાની જેલની સજા ફટકારી છે. આ નિર્ણય તેમના નવા પ્રોજેક્ટ 'સિન્ડિકેટ'ની જાહેરાતના એક દિવસ પહેલા આવ્યો હતો. નોધનીય છે કે, છેલ્લા સાત વર્ષથી આ કેસની સુનાવણી ચાલી રહી હતી. જો કે, ચુકાદો સંભળાવવામાં આવ્યો ત્યારે રામ ગોપાલ વર્મા કોર્ટમાં હાજર નહોતા.

અંધેરી મેજિસ્ટ્રેટ કોર્ટ ફિલ્મ ડિરેક્ટર રામ ગોપાલ વર્મા સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કરવાનો આદેશ આપ્યો હતો. કારણ કે તેઓ ચુકાદાના દિવસે કોર્ટમાં હાજર ન થયા હતા. આ કેસમાં રામ ગોપાલ વર્માને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. કોર્ટે તેમને ત્રણ મહિનાની અંદર ફરિયાદીને ૩,૭૨,૨૧૯ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ નિર્દેશ આપ્યો છે. જો તે વળતર નહીં ચૂકવે તો તેને વધુ ત્રણ મહિનાની જેલની સજા ભોગવવી પડશે.

અહેવાલ અનુસાર, આ કેસ વર્ષ ૨૦૧૮નો છે, જ્યારે શ્રી નામની કંપનીએ મહેશચંદ્ર મિશ્રા દ્વારા ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ રામ ગોપાલ વર્માની ફર્મ કંપની સાથે સંબંધિત હતી. સત્યા, રંગીલા, કંપની, સરકાર જેવી હિટ ફિલ્મ ડિરેક્ટર કરનાર રામ ગોપાલ વર્મા તાજેતરના વર્ષોમાં નાણાકીય સંકટનો સામનો કરી રહ્યા હતા. કોરોના દરમિયાન તેમને ભારે નાણાકીય કટોકટીનો સામનો કરવો પડ્યો જેના કારણે તેમને પોતાની ઓફિસ પણ વેચવી પડી હતી.

વર્ષ ૨૦૨૨માં રામ ગોપાલ વર્માને કોર્ટ ૫૦૦૦ રૂપિયાના પીઆર અને રોકડ જામીન પર જામીન આપ્યા હતા. સજા સંભળાવતી વખતે, મેજિસ્ટ્રેટ વાય.પી. પૂજારીએ જણાવ્યું હતું કે, 'ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ના સીઆરપીસીની કલમ ૪૨૮ હેઠળ આરોપી માટે સજા-મુક્તિનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી કારણ કે તેણે ટ્રાયલ દરમિયાન કોઈ સમય કસ્ટડીમાં વિતાવ્યો ન હતો.'

દિલ્હીના આસામીને દંડ ભરવા પણ અદાલતનો આદેશઃ

જામનગરના બે કારખાનેદારની ચેક પરત અંગેની ફરિયાદમાં એક-એક વર્ષની કેદ

જામનગર તા.૨૩ : જામનગરમાં બ્રાસપાર્ટના વ્યવસાય સાથે સંકળાયેલી બે પેઢી પાસેથી દિલ્હીની એક પેઢીના સંચાલકે અનુક્રમે રૂ.૬,૭૪,૫૦૭ અને રૂ.૩,૬૫,૮૦૦નો સામાન ઉધારમાં ખરીદ કરી રકમ ચૂકવવા ચેક આપ્યા હતા. તે બંને ચેક પરત ફર્યાની કરાયેલી ફરિયાદના અંતે અદાલતે દિલ્હીના આસામીને એક-એક વર્ષની કેદ અને ચેક મુજબની રકમનો દંડ ભરવા આદેશ કર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ ત્રણ-ત્રણ મહિનાની કેદની સજા ફટકારવામાં આવી છે.

જામનગરમાં અશોક બ્રાસ મોલ્ડીંગ નામની પેઢીવાળા જીવરામ સોરઠીયા પાસેથી દિલ્હીની સ્ટાર ઈન્ટરનેશનલ નામની પેઢીના સંચાલક શાહનવાઝ સૈફીએ બ્રાસના સળીયા ખરીદ્યા પછી તેના હિસાબ પેટે રૂ.૬,૭૪,૫૦૭ ચૂકવવાના બાકી હતા. તે રકમ અંગે ચેક અપાયો હતો. આ ચેક બેંકમાંથી અપૂરતા ભંડોળના શેરા સાથે પરત ફરતા નોટીસ પાઠવ્યા પછી જીવરામભાઈએ જામનગરની કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી.

તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી શાહનવાઝ સૈફીને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદ તથા ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ ત્રણ મહિનાની સજા અપાઈ છે.

તે જ રીતે જામનગરની ભાવિકા એન્ટરપ્રાઈઝ નામની પેઢી પાસેથી પણ દિલ્હીની સ્ટાર ઈન્ટરનેશનલ પેઢીવાળા શાહનવાઝ સૈફીએ ઉધારમાં બ્રાસપાર્ટ ખરીદી રૂ.૩ લાખ ૬૫,૮૦૦નો ચેક આપ્યો હતો. તે ચેક પરત ફર્યાની રજનીકાંત આર. જોષીએ જામનગરની અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસમાં પણ અદાલતે શાહનવાઝ સૈફીને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમનો દંડ ફટકાર્યો છે. બંને ફરિયાદી તરફની વકીલ વસંત ગોરી, દીપક નાનાણી, નેહલ સંચાણીયા રોકાયા હતા.

પુત્રીને હાજર કરવાનું કહી અપાઈ ધમકીઃ

યુવતી સાથે નાસી ગયેલા યુવકના માતા અને ભાઈ પર ચાર વ્યક્તિ દ્વારા હુમલો

જામનગર તા.૨૩ : જામનગરના રણજીતસાગર રોડ પર નંદનવનમાં રહેતો એક યુવાન ત્યાં રહેતી યુવતી સાથે ભાગી ગયા પછી ગઈકાલે એક મહિલા અને ત્રણ શખ્સ ધસી આવ્યા હતા. તેઓએ યુવકના માતા તથા ભાઈ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી અને મારી નાખવાની ધમકી આપી હતી.

જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા નંદનવન પાર્કની શેરી નં.૨માં રહેતા વર્ષાબેન દીવાનભાઈ થઘાણી નામના પ્રૌઢા ગઈરાત્રે પોતાના ઘર પાસે હતા ત્યારે નિલેશ, ફતેસિંહ, રીના નામની યુવતીના માસી, ઋષિરાજસિંહ આવ્યા હતા.

થોડા દિવસ પહેલાં વર્ષાબેનનો પુત્ર પુનીત એક યુવતી સાથે ભાગી ગયો હતો. પુનીતને અને તે યુવતીને હાજર કરો તેમ કહી રીનાના માસીએ ઝપાઝપી શરૂ કરી હતી. જેમાં વર્ષાબેન પડી જતાં તેઓને માથામાં ઈજા થઈ હતી. આ વેળાએ સંદીપ દોડી આવતા તેને રીનાના પિતા ફતેસિંહે ફડાકો ઝીંકી દીધો હતો અને ઋષિરાજસિંહે લાકડી વીંઝી હતી. આ વ્યક્તિઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યા જતાં વર્ષાબેને સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

સાત રસ્તા સર્કલમાં મોટર સાથે એસટી બસ ટકરાઈઃ

ખંભાળિયા પાસે દેવરીયા પાટીયા નજીક બાઈક આડે ખુંટીયો ઉતરતા ચાલકનો ભોગ લેવાયો

જામનગર તા.૨૩ : ખંભાળિયાના ભાતેલ ગામના બે યુવાન ગઈકાલે સાંજે દેવરીયા પાટીયા પાસેથી બાઈકમાં જતા હતા ત્યારે ખુંટીયો આડો ઉતરતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવાનનું મૃત્યુ નિપજ્યું છે. સાતરસ્તા સર્કલમાં મોટર સાથે એસટી બસ અથડાઈ પડી છે અને તળાવની પાળે સ્કૂટરને મોટરે ટક્કર મારી છે.

ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામના જીતેન્દ્રસિંહ સજુભા જાડેજા (ઉ.વ.૨૧) તથા તેમના મિત્ર જયવીરસિંહ જુવાનસિંહ જાડેજા ગઈકાલે સાંજે જીજે-૩૭-પી ૧૩૬૯ નંબરના મોટરસાયકલમાં જતા હતા. આ વેળાએ એસ્સાર કંપનીના મટીરીયલ ગેઈટ પાસે જ્યારે તેઓ પહોંચ્યા ત્યારે અચાનક જ એક આખલો રોડ પર આવી ગયો હતો.

તે આખલા સાથે અકસ્માત થતો અટકાવવાનો બાઈકના ચાલક જીતેન્દ્રસિંહે પ્રયાસ કર્યો હતો. તેમ છતાં બાઈક આખલા સાથે ટકરાઈ પડ્યું હતું તેથી બંને યુવાન ફંગોળાયા હતા. આ અકસ્માતમાં જીતેન્દ્રસિંહને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને પાછળ બેસેલા જયવીર સિંહને ઈજા થઈ હતી. બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા પછી જીતેન્દ્રસિંહનું મૃત્યુ નિપજ્યું છે. જયવીરસિંહના ભાઈ કુલદીપ સિંહ જાડેજાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગરના ભાનુશાળી વાડમાં રહેતા કરણ વિમલભાઈ કનખરા ગઈ તા.૧૫ની રાત્રે તળાવની પાળે જૂની આરટીઓ કચેરીની ગોળાઈમાંથી સ્કૂટર પર જતા હતા ત્યારે જીજે-૧૦-સીએન ૪૧૪૦ નંબરની સ્વીફ્ટ મોટર ટકરાઈ પડી હતી. આ અકસ્માતમાં સ્કૂટરમાં નુકસાન થયું હતું. મોટરચાલક અજય અરશીભાઈ વાઘ સામે ફરિયાદ કરાઈ છે.

જામનગરના રણજીત સાગર રોડ પર ગ્રીન સિટીમાં શેરી નં.૩માં રહેતા હેમાંગ નવીનભાઈ સોનૈયા મંગળવારે સાંજે સાતરસ્તા સર્કલમાંથી જીજે-૧૦-બીજી ૨૨૧૩ નંબરની મોટર સાથે પસાર થતા હતા ત્યારે જીજે-૧૮-ઝેડ ૮૬૯૨ નંબરની એસટી બસ ટકરાઈ પડી હતી. મોટરમાં રૂ.૩૦ હજારનું નુકસાન થયું છે. એસટી બસના ચાલક સામે પોલીસમાં ફરિયાદ કરાઈ છે.

સ્ટાફ જોઈએ છે
સેલ્સગર્લ્સ
ગ્રાહકને સ્વતંત્ર રીતે કંકોત્રી-કાર્ડ બતાવી શકે તેવા વ્યકિત.
યુવક/યુવતી
બોકીંગનું પરચૂરણ કામ તથા કંકોત્રી / કાર્ડ નું પેકીંગ કામ કરી શકે તેવા વ્યકિત.
સંપૂર્ણ બાયોડેટા સાથે રૂબરૂ મળવું
સમય : બપોરે ૨ થી ૪ સુધી
ધ્રુવ કાર્ડસ ૧૦૪ ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર.

રૂ. ૧૦ થી રૂ.૨૦૦૦ સુધી
કંકોત્રી
વિરલ કાર્ડસ
બેડી ગેઈટ, ત્રણ દરવાજા રોડ, જામનગર
મો. ૯૨૨૬૩૪૦૦૦૮ | ૭૫૬૦ ૫૮૮૮૩

જોઈએ છે
બે થી પાંચ વર્ષના અનુભવી સિવિલ એન્જીનીયર
સરકારી કામના ડામર રોડ, સી.સી. રોડ, બિલ્ડીંગ કામ માટે સાઈટ એન્જીનીયર તથા બીલ બનાવી શકે તેવા અનુભવી એન્જીનીયર
આપનો બાયોડેટા દિવસ - ૮ મા મોકલી આપવો અથવા WhatsApp કરી આપવું
મારૂતિ ઈન્ફ્રાસ્ટ્રકચર
છઠ્ઠો માળ - અમરીશ બિલ્ડીંગ, ગુરૂદ્વારા સર્કલ પાસે, ઈન્દીરા માર્ગ, જામનગર - મો. 9737207873

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર 01 (F)
એકસેલ, વર્ડ, તેમજ કોમ્પ્યુટર ના કામના જાણકાર
ગોડાઉનો માલ ડીસપેચ કરી શકે તેવા 01 (M)
ઓછા હાથે ચલાવી શકે તેમજ પરચુરણ કામકાજ કરી શકે તેવા
ઈમ્પોર્ટ એક્ષપોર્ટ કરી શકે તેવા 01 (F)
રસોયા બેન (ફુલટાઈમ) 01 (F)
આપનો સપુર્ણ બાયોડેટા નીચેના નંબર પર વોટ્સ એપ કરવો (ફોન કરવો નહી)
દર્શીલ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં.૧૪૩/૫, કુબેર પાર્ક-૨, કિર્તી પાન રોડ, લાલપુર બાયપાસ, જામનગર
Contact Person 9023180813

૧૫મી પુણ્યતિથિએ
હાર્દિક શ્રદ્ધાંજલિ
સ્વ. હરૂભાઈ ગોકલદાસ દત્તાણી
(ભાણવડવાળા)
સ્વર્ગવાસ તા.: ૨૩-૦૧-૨૦૧૦
વીતેલા વર્ષની દરેક ક્ષણ, વીતાવી છે આપના નિકટ, અહેસાસ સાથે ખાલીપાના આવનારા અનેક વર્ષો જીવીશું આપની અનેક મીઠી યાદો સાથે, અમે સૌ અંતરથી શ્રદ્ધાના પુષ્પો નતમસ્તકે અર્પણ કરી, આપના દેવતુલ્ય, પરોપકારી આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના...
ગં.સ્વ. ભાવનાબેન હરૂભાઈ દત્તાણી
પરેશભાઈ હરૂભાઈ દત્તાણી (પુત્ર)
પલ્લવીબેન પરેશભાઈ દત્તાણી (પુત્રવધૂ)
હિતેશભાઈ હરૂભાઈ દત્તાણી (પુત્ર)
વૈભવ, જીત (પૌત્ર) - ધાર્મી, જહાન્વી (પૌત્રી)
રિટાબેન કિશોરકુમાર મપારા - રેખાબેન કિશનકુમાર લધાણી
નીતાબેન સ્નેહલકુમાર ચોટાઈ
કિના - નિવા - વિવેક - જીગર - અક્ષીત - નિધ્યલ
તથા દત્તાણી પરિવારના જયશ્રી કૃષ્ણ

૧૮મી વાર્ષિક પુણ્યતિથિએ
અશ્રુભીની શ્રદ્ધાંજલિ
સ્વ.એલ કે. રાડિયા
સ્વર્ગસ્થ તારીખ ૨૩-૦૧-૨૦૦૭ (મંગળવાર)
વીતેલા વર્ષની દરેક ક્ષણ, વીતાવી છે આપના નિકટ, અહેસાસ સાથે ખાલીપાના આવનારા અનેક વર્ષો જીવીશું આપની અનેક મીઠી યાદો સાથે, અમે સૌ અંતરથી શ્રદ્ધાના પુષ્પો નતમસ્તકે અર્પણ કરી, આપના દેવતુલ્ય, પરોપકારી આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના...
લિ. ગં. સ્વ. સુધાબેન એલ. રાડિયા
આનંદ એલ. રાડિયા - અમોલ એલ. રાડિયા
અલ્પા એ. રાડિયા - સ્નેહલ એ. રાડિયા
તથા રાડિયા પરિવાર

તા.24 શુક્ર રાત્રે 9.30 કલાકે ટાઉન હોલ, જામનગર
Utsav & સબરસ
ત્રણ ગણી મજા... ત્રણ ગણી કોમેડી...
સંજય ગોરડીયા
અભિનીત
ટીકીટ /બ્લોક બુકીંગ
દિનેશ વિરાણી
99040 93039
97129 96770
ત્રંબક ત્રણ બૈરીવાળો
જામનગર શો સંયોજન : વિરલ રાચ્છ - કમલેશ સોઢા
ગુરૂવાર અને શુક્રવારના રોજ ટીકીટ વેચાણ ટાઉન હોલ ખાતે
સમય : સવારે ૧૦.30 થી ૧.30 તથા બપોરે ૪.00 થી ૭.00 વાગ્યા સુધી

Editor, Printer & Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752